# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2025-26/040 Dt. 11/07/2025

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ચેમ્બર દ્વારા ટાઇમ મેનેજમેન્ટ અને ગોલ સેટીંગ વિષે વર્કશોપ યોજાયો

**સુરત:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા શનિવાર, તા. ૫ જુલાઇ ૨૦૨૫ના રોજ સવારે ૯:૦૦ કલાકથી સાંજે ૬:૦૦ કલાક દરમ્યાન સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે ટાઇમ મેનેજમેન્ટ અને ગોલ સેટીંગ વિષે વર્કશોપ યોજાયો હતો, જેમાં પર્સનાલિટી ડેવલપમેન્ટ એક્ષ્પર્ટ સુશ્રી હિના જૈને ઉદ્યોગ સાહસિકોને તેમના વ્યવસાયમાં ટાઇમ મેનેજમેન્ટ અને લક્ષ્ય નિર્ધારણ સંબંધિત પડકારો અને તેના વ્યાવહારિક ઉકેલ અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ ઉદ્યોગ સાહસિકોને સંબોધતા જણાવ્યું હતું કે, આજના સ્પર્ધાત્મક યુગમાં માત્ર કાર્યશીલ રહેવું પૂરતું નથી, પરંતુ સમયનું યોગ્ય આયોજન અને લક્ષ્ય નિર્ધારણ કરીને કાર્યક્ષમતા વધારવી એ સફળતાનું મૂળમંત્ર છે. ઉદ્યોગ સાહસિકોએ પોતાનો સમય ત્યાં જ ખર્ચવો જોઈએ જ્યાંથી બહુમૂલ્ય પરિણામ મળે. ચેમ્બર હંમેશાં ઉદ્યોગકારોને નવા વિચારોથી આત્મસાત કરવાની પ્રેરણા આપે છે. ચેમ્બર દ્વારા આ પ્રકારના વર્કશોપ્સ દ્વારા ઉદ્યોગ સાહસિકોને જીવનમાં તેમજ વ્યવસાયિક ક્ષેત્રે નવી ઊંચાઈએ પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવે છે.

પર્સનાલિટી ડેવલપમેન્ટ એક્ષ્પર્ટ સુશ્રી હિના જૈને જણાવ્યું હતું કે, સમય એ સૌથી મૂલ્યવાન સંપત્તિ છે અને સફળતા માટે તેના પર નિયંત્રણ જરૂરી છે. ટાઇમ મેનેજમેન્ટ એ માત્ર કામના સમયનો સદુપયોગ નથી, પરંતુ પ્રાથમિકતાઓ નક્કી કરીને લક્ષ્ય પર કેન્દ્રીત રહેવાની પ્રક્રિયા છે. ઉદ્યોગ સાહસિકોએ રોજિંદા કાર્યમાં સ્પષ્ટ ગોલ સેટ કરીને તેને પરિણામમાં પરિવર્તિત કરવા માટે સમયની વ્યવસ્થા કરવાની ટેવ વિકસાવવી જોઈએ તેવી સલાહ તેમણે આપી હતી.

તેમણે ઉદ્યોગ સાહસિકોને ભવિષ્ય માટે સ્પષ્ટ વિઝન તૈયાર કરવાનો અનુરોધ કરતા કહ્યું હતું કે, વ્યક્તિગત તથા વ્યવસાયિક સ્તરે વિકાસ માટે સમયનું સંચાલન અને ગોલ સેટીંગ એટલુ જ જરૂરી છે જેટલુ કે રોકાણ કે માર્કેટીંગ. લાંબા ગાળાના વિઝનને ધ્યાનમાં રાખીને ટૂંકા ગાળાના લક્ષ્યો નક્કી કરવાથી પ્રગતિની દિશામાં આગળ વધી શકાય છે. ફોકસ, પ્લાનિંગ અને નિયમિત રિવ્યુ જ સફળ વ્યવસ્થાપનના મુખ્ય તત્વો છે ત્યારે સમય પ્રત્યે નિષ્ઠા અને દૃઢતા જ સફળતાની ચાવી છે તેમ તેમણે ઉદ્યોગ સાહસિકોને જણાવ્યું હતું.

SGCCI એજ્યુકેશન એન્ડ સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટરના ચેરમેન શ્રી મહેશ પમનાનીએ વર્કશોપને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી.